

# દિવ્યદીપ

વર્ષ ૩ અંક ૧૦

## પરધૂળ

શ્રમ અને સંતોષથી જીવન જીવતા આ નરનારીને મન સંસાર એ ભોગનો અખાડો નહિ પણ ત્યાગનો બગીચો હતો.

નરે કર્મ અને ધર્મનો મર્મ સમજાવી નારીને નારાયણી બનાવી હતી. નારીએ ભક્તિ અને સેવાનો પાઠ પઢાવી નરને નારાયણ બનાવ્યો હતો.

એકદા બંને જણ પ્રવાસે જઇ રહ્યાં હતાં. નરને માર્ગમાં સોનાનો હાર જડ્યો. એને મનમાં થયું : રખે આને જોઇ સ્ત્રીનું મન ચળે ! એટલે એણે એના પર ધૂળ ઢાંકી. પાછળ ચાલી આવતી નારીની ચકોર આંખ આ જોઇ ગઇ. આગળ જતાં વિસામો આવ્યો ત્યાં સ્ત્રીએ પૂછ્યું : "માર્ગમાં શું કરતા હતા ?"


"સુવર્ણ જોઇ રખે કોઇનું મન ચળે એમ લાગતાં એને ધૂળથી ઢાંક્યું."

નિસ્પૃહ નારીએ કહ્યું : "પરધન હજુ તમને સુવર્ણ લાગે છે ? એમ કહો ને કે ધૂળના ઉપર ધૂળ નાખતો હતો !"

—પૂ. ચિત્રભાનુ.



પૂ. ગુરુદેવશ્રીના અધ્યક્ષમાં ગોઠવાયેલ સભામાં શ્રી જયપ્રકાશ નારાયણ બિહારની કરુણ પરિસ્થિતિનો ખ્યાલ શ્રોતાઓને આપી રહ્યા છે.



પૂ. ગુરુદેવ શ્રી ચિત્રભાનુજી સેવાનું મહત્ત્વ સમજાવતાં માનવસેવા પર બોલી રહ્યા છે ત્યારે શ્રી જયપ્રકાશજી, મુંબઇના શરીફ શ્રી કાંગા ઈસ્માઈલ તથા શ્રી બર્વે વગેરે શ્રોતાઓ એકાગ્ર ચિત્તે પ્રવચન સાંભળતા જણાય છે.



ફ્રાન્સ અને ઈટલીથી આવેલા લેખકોની સાથે પૂ. શ્રી વાર્તાલાપ કરતા જણાય છે.



બિહાર અંગેની ચર્ચા વિચારણા કરવા શ્રી જયપ્રકાશજી રાત્રે ઉપાશ્રય આવી ગંભીર ચર્ચા કરતા જણાય છે.

# અષ્ટોતરશત જ્ઞાનયજ્ઞ પ્રસંગે પૂ. ગુરુદેવશ્રી ચિત્રભાનુએ આપેલ મનનીય પ્રવચન

## બાબુલનાથ મંદિરમાં બુધવાર તા. ૨૩-૧૧-૬૬

(ગતાંકથી ચાલુ)

એટલે મહાપુરુષોએ કહ્યું કે તારે બનવું નથી પડતું, જાણવું પડે છે; લાવવું નથી પડતું, ઓળખવું પડે છે; અને બહારથી મેળવવું નથી પડતું પણ અંદરથી ઉઘાડવું પડે છે.

એક પાંચ વર્ષનો રાજકુમાર હતો. એ રાજકુમારને કોઈ ચોરો આવીને ઉઠાવી ગયા એને પોતાને ત્યાં રાખીને તૈયાર કર્યો. એ ચોરોનો રાજા બન્યો અને પહેલા નંબરનો શિકારી બન્યો. એ વાતને પંદર વર્ષ વીતી ગયાં. એક દિવસ રાજા શિકારે નીકળે છે, ત્યાં પેલો ચોરોનો રાજા પણ શિકાર કરવા નીકળ્યો છે. બન્ને જણા મળી જાય છે. રાજાએ ચોરની સામે જોયું, અને એના હૃદયમાં પ્રેમનો સ્રોત વહેવા લાગ્યો. રાજા વિચારે છેઃ આમ કેમ? આ શું છે? મારું હૃદય કેમ તણાય છે? અને હૃદય તણાય છે એ ઉપરથી લાગે છે કે આ ચોરને અને મારે કાંઈ સંબંધ હોવો જોઈએ. એટલામાં એણે ધારીને જોયું તો એના કપાળમાં એક સુંદર લાખું હતું. એ જોતાં એને યાદ આવ્યું કે મારા રાજકુમારને પણ આવું લાખું હતું. અને મેં છોકરાને ગુમાવ્યાને પંદર વર્ષ થયાં. એ વખતે છોકરો પાંચ વર્ષનો હતો એટલે આજે છોકરો વીસ વર્ષનો થયો. જોયું તો એ શિકારી પણ વીસ વર્ષનો હતો એટલે રાજા એની પાસે ગયો અને પૂછ્યું 'તું કોણ છે?' તો કહેઃ 'હું ચોરોનો પલ્લીપતિ.' 'તારા પિતા કયાં છે?' તો કહેઃ 'બિમાર છે અને અત્યારે પલ્લીમાં છે.' રાજા કહેઃ 'મને પલ્લીમાં લઈ જા.' ત્યાં લઈ જાય છે. રાજા પલ્લીપતિને પૂછે છે કે 'આ બાળક કોનો છોકરો છે?' પેલો પલ્લીપતિ કહે છે કે 'એ મારો છે.' 'તમારો છે પણ મને મનમાં એવી અનુભૂતિ થાય છે કે આ છોકરો મારો છે.' એણે પૂછ્યું કે 'તમે કોણ?' તો કહે 'વૈશાલીનો હું રાજા છું.' પેલા પલ્લીપતિની આંખો ભીની ભીની થઈ. એણે કહ્યું, 'વાત સાચી છે. આજથી પંદર વર્ષ ઉપર હું જ્યારે લૂંટ ચલાવવા આવ્યો હતો ત્યારે એ લૂંટમાં આ સુંદર દેખાવડા રાજકુમારને પણ ઉઠાવી આવ્યો હતો, કારણ કે મને સંતાન નહોતું. મેં એને મોટો કર્યો અને મેં એને મારા પુત્રની ભાવનાથી રંગ્યો છે. મારે માટે એ પુત્ર છે, એને મન હું પિતા છું. પણ આજ સાચા પિતા અને પુત્રનું મિલન થયું છે.' તો રાજાએ નમ્રતાથી કહ્યું કે 'મારી ગાદી ખાલી છે અને મારે પણ આ એકનો એક જ પુત્ર છે, એને હવે હું લઈ જાઉં છું' પેલો પલ્લીપતિ કહે છે કે 'બહુ સારી વાત છે. કારણ કે મારો પુત્ર અને તમારો પુત્ર એક જ છે. અને હવે એ ચોરને બદલે રાજા થાય એ જ શ્રેષ્ઠ છે.' એને લઈ જાય છે. ગાદી ઉપર બેસાડે છે. એ દિવસથી એ રાજા બને છે, હુકમ કરે છે.

અહીં રાજકુમારને બનવું નથી પડયું, રાજકુમાર તો હતો જ. પણ એને જાણ ન હતી. હવે જાણ થઈ કે હું રાજકુમાર છું. આટલા દિવસ સુધીએ અજાણ હતો. જાણ થતાં હવે એ ગામનાં લોકોની ચોરી નથી કરતો. ગામના લોકોના ઘરમાં અંધારામાં ઘૂસી નથી જતો. હવે એ કહે છે કે આખી નગરી અને સમૃદ્ધિનો સ્વામી હું છું. કારણ કે એને જાણપણું થયું, એને જ્ઞાન થયું, એને અવબોધ થયો, એમ કહો કે સ્વસ્વરૂપનું ભાન થયું! જે ઘડીએ ભાન થયું તે ઘડીથી જ એ સ્વામિત્વ ભોગવે છે. નગરીના લોકોને એ આજ્ઞા કરીને કહી શકે છે.

હવે એ રાજાધિરાજનું ગૌરવ અનુભવે છે. જે અંધારામાં ચોરની જેમ આવતો હતો તે હવે સ્વામી થઇને હુકમ કરી શકે છે.

અહીં પણ તમે આટલું જાણી લો કે હું બ્રહ્મ છું, તમે જાણી લો કે હું ભગવત સ્વરૂપ છું, તમે જાણી લો કે હું પરમાત્મ સ્વરૂપ છું. પછી વિષયોના અંધારામાં તમારે દોડવું નહિ પડે. તમે તમને પાપી જ માન્યા કરો તો તમે પાપીની જેમ જ જીવવાના ને? જે પોતાને ચોર જાણે એ તો ચોરી જ કરે ને? બીજું શું કરે? સ્વરૂપ વિસ્મરણ થયું છે. બીજું કાંઇ થયું નથી. અને આ સ્વરૂપ વિસ્મરણે માણસને ઘણો નીચો નાખી દીધો છે. એટલો નીચો નાખ્યો છે કે એ ચોરની જેમ આજે વર્તન કરે છે, જે ખરી રીતે સમ્રાટ છે. આ વાત પર ખાસ તમે વિચાર કરશો.'

મદાલસાએ તો ઘોડિયામાં પોઢેલા બાળકને હિંચકો નાખતા શિખવાડયું सिद्धोसि बुद्धोसि તુ સિદ્ધ છો, તું બુદ્ધ છો, તું નિરંજન છો. આમ અને આ સંસારની માયામાં તું લપટાઇશ નહિ. ઘોડિયાના ધાવણા બાળકને આધ્યાત્મિક ધાવણ પાનાર માતાઓ હતી. બાળકને એ ધૈર્યવાન બનાવતી. આજ તો માતાઓ છોકરાને બિવડાવે કે જો બિલાડી આવી, બાવો આવ્યો, સાધુ આવ્યો એવા બીક અને ભયના નિર્બળ સંસ્કારો નાખવામાં આવે છે. હાલરડાના સંસ્કારથી આત્મસ્વરૂપનું જ્ઞાન થવું જોઇએ એને બદલે આજે બાળક ભયથી આવૃત્ત બને છે.

ભયથી તમે કેટલા આવૃત્ત છો? એક જમાદાર આવી જાય અને તમે ધ્રૂજી જાઓ છો. માણસો જ્યારે સરસ કોટ પહેરીને મોટી ગાડીમાં નીકળતા હોય ત્યારે દયા આવે કે આવી મોટી ગાડી છે પણ હમણાં જો ઇન્કમટેક્ષનો ઓફીસર પૂછવા માંડે તો જીભના લોચા વળી જાય બહારથી શેઠનું સ્વરૂપ છે, અંદર તો ચોર છે, મન ભાંગી ગયું છે, મનથી બીકણ છે. ચોર કદાચ સમૃદ્ધ બની જાય તો પણ આખરે તો એ ચોર છે.

એમ જ્યાંસુધી આત્મદર્શન નહિ થાય ત્યાં સુધી તમે ગમે તે કરો, ગમે તેટલી પ્રવૃત્તિ કરો, ગમે તેટલું આચરણ કરો તેમ છતાં એ ઉપરનું છે, બાહ્ય છે, પરોપાધિ છે, માંગી લાવેલા અલંકારો છે, એક જાતનો સોજો છે; અને એ સોજો તંદુરસ્તી તો નથી જ.

તમે અંદરની શકિતને પેદા કરો. દુબળા થાઓ તો વાંધો નહિ પણ તંદુરસ્ત થાઓ. પાતળા હો એનો વાંધો નથી.

એક ભાઈ માત્ર અઠ્ઠાણું રતલના હતા પણ મને કહેઃ "આપનું કામ હું અઢાર કલાક કરવા તૈયાર છું. મારું વજન અઠ્ઠાણું રતલ છે પણ મારું શરીર એ રૂનો લોચો નહીં પણ વણેલી વાટ છે." રૂનો લોચો હોય તો ફેંદાઇ જાય પણ વણેલી વાટ કેવી મજબૂત હોય!

બહારના સોજાથી માંદગીનો સંચય કરો એના કરતાં પાતળા થઇને તંદુરસ્તી પ્રાપ્ત કરો એવો શુભ દિવસ, એવું સુપ્રભાત ક્યારે આવે?

અને એ પ્રભાત ચોક્કસ માનજો કે ત્યારે જ આવવાનું છે કે જ્યારે તમે માનો કે હું તો ઈશ્વર સ્વરૂપ છું; અને જે ભગવાનને પ્રિય છે એ જ મને પણ પ્રિય હોવું જોઇએ. ભગવાનને જે પ્રિય છે તે મને પ્રિય કેમ ન થાય? ભગવાનને જે પ્રિય નથી એ મને પ્રિય છે એ બતાવી આપે છે કે મારામાં કાંઈ એક માંદગી છે.

અંગ્રેજીમાં એક કહેવત છે કે You are always sure when you are pure. જ્યારે તમે ચોખ્ખા હો ત્યારે તમે ચોક્કસ છો કારણ કે તમારી બાબત અને તમારી હકીકત તમે

જાણતા હો છો. તો જ્યારે Pure હોય ત્યારે જ Sure બની શકે. પણ માણસ જો ચોખ્ખો ન હોય, શુદ્ધ ન હોય તો માણસ કેવી રીતે ચોક્કસ બની શકે?

આપણે કાંઈ બનવાનું નથી. આપણે જન્મથી, પહેલેથી આપણે બ્રહ્મ સ્વરૂપ છીએ અને આત્મા પરમાત્મસ્વરૂપ છે. સામાન્ય લોકો પણ કોઈકવાર આ સત્ય ઉચ્ચારતા હોય છે કે જીવ તે શિવ છે. આત્મા તે પરમાત્મા છે, ખુદ તે ખુદા છે. બિંદુ તે સિંધુ છે આ ભાષાની કહેવતો એ સ્વશક્તિનું દર્શન કરાવે છે. અને જ્યારે આ શક્તિનું તમને દર્શન થઇ જાય છે ત્યારે તમે જ રાજકુમાર છો, માત્ર તમે જાણી લો. જે ઘડીએ જાણી લો તે ઘડીથી હુકમ કરવા માંડો છો. પછી તમારી ચોર વૃત્તિઓ નીકળી જાય છે.

મિત્રો, અત્યારે તમારી જે પૂર્ણતા છે એ તો માંગી લાવેલા ઘરેણાં જેવી છે. પણ અંદરની પૂર્ણતા, સહજ આત્મ સ્વરૂપનું જ્ઞાન. એ જાતિવંત રત્ન જેવી છે. જાતિવંત રત્નમાં રહેલી વિભા, એનાં કિરણો, એનો પ્રકાશ, એનું તેજ એ ઊછીનાં લાવેલ ભાડૂતી વસ્તુ નથી. રત્નના કટકા કટકા કરો પણ એના અંશે અંશમાં તેજથી ચમકતાં કિરણો પૂરાયમાન થઇ રહ્યાં છે.

એમ આપણા આત્માના પ્રદેશે પ્રદેશમાં પૂર્ણ આનન્દની એ જ શક્તિ ભરેલી છે જે પરમાત્મામાં છે. આ શક્તિનું દર્શન કરવું એ જ જીવનનો હેતુ છે.

તો આ માટે મનને તૈયાર કરવું પડશે. આ મન જો નિર્બળ બની ગયું તો ગાડીને તાણવાને બદલે ગાડી અધવચ્ચે જ ઊભી રહી જશે અને આ Engine ને ખેંચવા માટે બીજું એંજિન લાવવું પડશે. જે એંજિન ભાર ખેંચી શકે છે એ વરાળથી સમૃદ્ધ છે, જે Engine ઠંડું પડયું છે એની વરાળ નીકળી ગઈ છે.

બાવીશ વર્ષ પહેલાંની આ વાત છે. અમારું ચાતુર્માસ ત્યારે ઘાટકોપરમાં હતું. એક ડૉક્ટર મારી પાસે સ્વાધ્યાય માટે આવતા. એ ગાંડાની હોસ્પિટલમાં કામ કરતા હતા. મને કહે 'એક વખત તમે ગાંડાની હોસ્પિટલ જોવા આવો.' મેં કહ્યું 'અહીં આપણી આસપાસ દુનિયામાં બધું એ જ છે ને?' તો કહે 'ના, આના કરતાં એ' જુદી જાતના છે. અહીં જે લોકો મનમાં આવે તેમ સાચેસાચું acting નથી કરી શકતા તે ત્યાં acting કરી શકે છે. અહીં acting કરવાનું મન થાય ત્યારે નહિ કરી શકે અને ન કરવાના સમયે acting કરે છે. આટલો ફેર છે.' ચાલો, મેં કહ્યું, પછી ગયા. ત્યાં ડૉક્ટરો એ લોકોને training આપતા હતા.

ગાંડાઓનાં મન ભટકયા કરે એટલે એમનાં મન ઠેકાણે લાવવા માટે કુવામાંથી પાણી કઢાવતા હતા. મોટી ડોલ અને ખાસ્સો ઊંડો કૂવો. ડૉક્ટર ગાંડાને કહે કે અંદરથી ડોલ ભરીને પાણી લાવ અને વૃક્ષના આ છોડને પા. એટલે એ પાણી કાઢે. એ પાણી કાઢે ત્યારે એના બાવડાં દુખવા આવે પણ જ્યારે ડોલ ઉપર આવે અને રેડવા જાય તો એ ડોલ ખાલી હોય. કારણ કે ડોલની વચ્ચે પાંચ કાણાં કરેલાં. એટલે જ્યારે ભરાય ત્યારે ભરાઈ જાય પણ ઉપર ખેંચતા પેલાં પાંચ કાણાંમાંથી બધું જ પાણી નીકળી જાય. ડોલ ખાલી આવે એટલે પેલા ડૉક્ટરો એને બરાબર દબડાવે, મારે કે પાણી કેમ આવ્યું નહિ! એટલે ગાંડાઓને વિચાર કરવો પડે. શિક્ષા થાય એટલે પછી ગાંડાઓ વિચાર કરે કે પાણી કેમ આવ્યું નહીં? ભટકતું મન, ફરતું મન વિચાર કરે કે આ કાણાં છે, પાણી આમાંથી જ નીકળી જાય છે. બાજુમાં ડુચા, કપડાં એવી વસ્તુઓ રાખેલી હોય જે લગાડીને એ કાણાં પૂરે.

ગાંડાઓમાં વિચારની એકાગ્રતા લાવવા એ રીતે અજમાવે.

મને ઘણીવાર અધ્યાત્મમાં આ વાત યાદ આવે છે. લોકો ઘણીવાર ક્રિયારૂપ પાણીની ડોલો ભરી ભરીને બહાર કાઢવાનો પ્રયત્ન કરે છે. પણ માણસોનાં મનમાં કાણાં બહુ પડી ગયાં છે. સાધના ખૂબ થતી દેખાય છે, પણ મનના કાણામાંથી બધું જ નીકળી જાય છે. અહીંથી જાઓ ત્યારે ખાલી ખાલી. તો તમે એવું ન કરો કે પેલા લોકો જેમ તેમ કરી પહેલાં કાણાં પૂરી દેતા અને ડોલ ભરીને પછી બહાર કાઢતા. એવું ન થાય કે મનમાં જે ઘણાં કાણાં પડી ગયાં છે એ તમે પૂરી નાંખો; અને પછી જુઓ કે તમારી દરેક ડોલ કેવી પૂર્ણ આવે! પછી તમને ખાલીપણું નહિ લાગે. પણ જ્યાં સુધી કાણાં છે ત્યાં સુધી ઉપદેશ, ક્રિયાઓ બધુંય વરસી રહ્યું છે પણ વરસવા છતાં બધુંય વહી જાય છે.

આ છિદ્રોને પૂરવાને માટે આ અનુભવ કરવાનો છે કે હું પરમસ્વરૂપ છું, હું જ્યોતિ સ્વરૂપ છું, હું આત્મા છું અને હું પરમાત્મ સ્વરૂપ છું. આ આત્મ પરમાત્મ સ્વરૂપનો અનુભવ કરે. બિન્દુ વિચારે કે સિન્ધુની બધી જ વિશિષ્ટતા એનામાં છે.

આ સ્વરૂપના દર્શન વિનાની પૂર્ણતા એ લગ્ન પ્રસંગે લાવેલા અલંકારો જેવી છે જેમાં ચિંતા અને દીનતા છે. પણ જે આત્મસ્વરૂપના જ્ઞાનથી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એ જાતિવંત રત્ન જેવી છે. એનુ તે જ એ ભાડૂતી નથી. સદાકાળ એમાં હતું, છે અને એમાં જ રહેવાનું છે.

—:०:—

## કામ એ આરાધના

બધાં જ પ્રામાણિક કામ પવિત્ર છે; સમસ્ત પ્રામાણિક કામમાં, જો તે માત્ર ખરું અંગમહેનતનું કામ હોય તો, કાંઇક દિવ્યતા રહેલી છે. કામ પૃથ્વી જેટલું વિશાળ છે અને તેનું શિખર સ્વર્ગમાં છે.

કામ એ આરાધના છે. આ મર્મ જે સારી રીતે સમજે છે તે ભવિષ્યના ગર્ભમાં જે સર્વસ્વ રહેલું છે તે બધું જ જાણે. આ અંતિમ દેવવાણી છે. અને તેમાં બીજી બધી દેવવાણીઓનો સમાવેશ થાય છે.

હું આ બે જ માણસોને માન આપું છું, ત્રીજા કોઇને માન આપતો નથી. એમાં પણ શ્રમથી થાકેલો કારીગર, કે જે પાર્થિવ વસ્તુઓનાં બનાવેલાં ઓજારો વડે પરિશ્રમપૂર્વક પૃથ્વીને જીતે છે અને તેને મનુષ્યની બનાવે છે તેને હું પ્રથમ માન આપું છું. એવો સખત પરિશ્રમ કરનારો મને પહેલો પૂજ્ય છે; પરંતુ એક બીજા પ્રકારના માણસને હું ઉચ્ચતર માન આપું છું કે **જે માણસ આધ્યાત્મિક જ્ઞાનના પ્રચારને માટે ઉદ્યોગ કરે છે.**

જે દૈનિક ખોરાકનેમાટે પરિશ્રમ કરે છે તેને હું ઉચ્ચતર માન આપું છું જો રંક માણસો આપણને સ્થૂલ ખોરાક આપવાને માટે ઉદ્યોગ કરતા હોય તો ઉચ્ચ કોટિના માણસોએ તેના બદલામાં તેમને માટે એવો પરિશ્રમ કરવો ન જોઇએ કે જેથી એ અજ્ઞાન મનુષ્યોને જ્ઞાન, પ્રકાશ આગેવાની, સ્વતંત્રતા અને અમરતા પ્રાપ્ત થાય? આ ઉભયને હું હૃદયપૂર્વક માનું છું. બીજું બધું છાલાં અને ધૂળ છે.

જાતે તૈયાર થઇને અન્યને તૈયાર કરવાની પ્રવૃત્તિ જે કરે છે તે ધન્ય છે. જીવનનાં જે સુખ પોતે મેળવે, તે બીજાને પણ મેળવવામાં મદદ કરે એ ઉત્તમ માનવીનું લક્ષણ છે.

—સ્વેટ માર્ડન

## ❋ યહી પ્રીત કી રીત ! ❋

પાંચ રૂપિયામાં મેં કુરકુરિયાને ખરીદી લીધું. રાજી–રાજી થઇ ગઇ. પણ સાંજ પડયે એ ઓફિસેથી આવ્યા ત્યારે મને કુરકુરિયાની ખાતર બરદાસ્તમાં ગૂંથાયેલી જોઇને, ગુસ્સાભરી નજરે તેમણે પૂછ્યું,

'આ શું ?'

'કુરકુરિયું છે,' મેં જવાબ દીધો.

'એ તો છેસ્તો !' મેં કયાં કહ્યું કે હાથી છે. પણ આ ગંદકી અહીં ન જોઇએ.' ત્યારે મને ખબર પડી કે પાંલતું કૂતરાં માટે એમનો અણગમો છે. ' તે હશે !' મેં મનમાં કહ્યું, 'ધીરે ધીરે ટેવાઈ જશે.'

પણ કુરકુરિયાનો કૂં–કૂં અવાજ સાંભળીને એમણે ફરી કહ્યું, 'હઠાવ અહીંથી, આ શી આફત વહોરી લીધી છે ?'

આમ, શું કરો છો ?' જરાક હસીને મે, કહ્યું. 'એમ તો છોકરાંયે કયાં નથી રડતાં ? એ મોટું થશે ત્યારે ઘરની રખવાળી કરશે.' પણ માની યાદથી અને પેટમાંની ભૂખથી એ આખી રાત રડતુ રહ્યુ, એના અવાજથી એ ખિજાઇ જતા હતા. સવારે ઊઠતાં જ એમણે ફરમાવી દીધું, 'ફેંકી દે આ ગંદકીને.' ડર અને દયાનાં આંસુ સાથે મેં કહ્યું, 'કયાં ફેંકૂં ? કોને ખબર, એની માયે કયાં હશે ? એમ તો બાપડું મરી જશે.'

'મરી જશે તો હું શું કરું ?' એમનો ગુસ્સો વળી વધી ગયો, 'મને પૂછીને લીધું' તું ?' એટલા બધા એ નારાજ થઇ ગયા કે ઑફિસે જતાં સુધી જરાયે બોલ્યા નહીં.

એને ઘરમાંથી કાઢવાની વાત સાંભળતાં જ મારું કલેજું ફાટી જતું હતું. એમના ગયા કેડે હું ખૂબ રડી. પછી માળીને બોલાવીને સમજાવ્યો, 'આ કુરકુરિયાને તારે ત્યાં લઈ જા. એના માટે બે ટાઇમ દૂધ હું આપીશ. તને રાજી કરીશ. પણ સાહેબની આંખ આગળ એ આવવું ન જોઈએ.

એમ એની વ્યવસ્થા ગોઠવાઇ ગઈ. એ ઓફિસે જતા ત્યારે રોજ હું એને લઈ આવતી. પહેલાં રૂની વાટ બનાવીને એને દૂધ પાતી. પછી દૂધમાં રોટલી ભાંગીને ખવડાવવા લાગી. મહિના માસમાં તો એ કૂદકા મારવા લાગ્યું. એ ઓફિસેથી આવતા તે પહેલાં તો હું એને માળીને ત્યાં પહોંચાડી દેતી.

પણ એક દિવસ ખરી થઈ ગઇ. બપોરની વેળાએ હું એને રમાડી રહી હતી. શનિવાર હતો. પણ મને યાદ ન રહ્યું. ઓસરીમાં એમનાં બૂટનો અવાજ સાંભળ્યો ને હું ગભરાઇ ગઇ. પણ હવે શું થાય ? મને થયું : હવે એમનો ક્રોધ ભડકો થઇ ઊઠશે. એ તો ઘરમાં આવી ગયા હતા ને કુરકુરિયું મારા ખોળામાં હતું ! ઝટ દઇ હું ઊભી થઇ ગઈ.

કુરકુરિયા સામે તીરછી નજરે જોઇએ બોલ્યા, "આ શું....બીજું મંગાવી લીધું વળી ? મેં ના પાડી'તી તોયે !'

મારો જીવ તાળવે ચોંટી ગયો હતો. મોંમાંથી શબ્દો સરી પડયા, 'બીજું કયાં મંગાવ્યું છે ? એનું એ જ છે ને.'

'એ જ છે ?' વિસ્મયભરી નજરે એમણે પૂછ્યું.

'હાવે, માળીને ત્યાં રાખ્યું હતું. રોજ બપોરે એને ઘેર લાવું છું. એ મને બહુ ગમે છે.' ને એ વાતનું બહું રહસ્ય મેં એમની આગળ છતું કરી દીધું.

એ સાશ્ચર્ય કુરકુરિયા ભણી જોઇ રહ્યા. ને પેલુંયે મૂઉં એમના હૃદયની ઘૃણા કે ક્રોધને સમજ્યા વિના જ એમના પાટલૂનનો છેડો ને

બૂટની દોરી ખેંચી–ખેંચીને આમ–તેમ કૂદાકૂદ કરી રહ્યું હતું–ને એમને ખુશ કરવાની કોશિશ કરી રહ્યું હતું.

બીકની મારી મેં કુરકુરિયાને ઊંચકી લીધું ને માળીના છોકરાને બોલાવીને આપી દીધું. પછી હળવે રહીને એમને કહ્યું. 'થાકયા હશો. જરા આરામ કરો' કહેતી બીજા ખંડમાં હું એમનાં બદલવાનાં કપડાં લેવા ગઇ. મનમાં ગભરાટ હતો કે હવે તેમનો મિજાજ ફરી જવાનો છે. મનના ગભરાટને કારણે ઝભ્ભો ને ધોતી ચાદરોની વચ્ચે ખોળતી રહી કેમે ય કરી જડે જ નહીં?

આખરે કપડાં લઇ ધીમે પગલે પાછી આવી. જોઉ છું તો કપડાં બદલ્યા વિના જ એ પલંગ પર સૂઇ ગયા છે. ને કુરકુરિયું એમના પેટ પર પડયું પડયુ પંજા ને દાંત વચ્ચે નેકટાઇ પકડીને રમી રહ્યું છે. ભીની આંખે એ કુરકુરિયાની રમત જોઇ રહ્યા છે! કુરકુરિયાનું આ સાહસ જોઇ, એને નીચે ઊતરી આવવા માટે મેં ધમકાવ્યું, 'હુશ–કુશ.

ભીની આંખો મારી ભણી ફેરવીને તેમણે કહ્યું, 'મને ખ્યાલ નો'તો કે આ કુરકુરિયુ તને આટલુ બધું વહાલું છે. મને ખબર ન હતી કે એના વિના તને ગમતું નથી. મારી સૂગને કારણે આટલો બધો વખત તે હૈયા પર આટલો બધો ભાર વહ્યો?....શો વાંધો છે? એ ભલે અહીં રહેતું.' ને પાછું ખોળામાં લઇ એને પંપાળવા લાગ્યા.

મારા દિલને કેટલી ટાઢાશ વળી, તે વેળાએ! ઝડપભેર હું દોડી ગઇ બાથરૂમમાં. જોસભેર આંસુ વહી રહ્યાં હતાં. આંખમાંથી મન ભરીને હુ રોઇ, કેમ કે 'એમને મેં જીતી લીધા હતા મારી હારનો સ્વીકાર કરીને!

(શ્રી. યશપાલની હિંદી વાર્તાના આધારે)

—અમૃત

# ચિંતન કણિકા

કોઇનો ન્યાય તોળશો નહિ એટલે તમારો પણ ન્યાય નહિ તોળાય, કોઇને દોષિત ઠરાવશો નહિ એટલે તમને પણ દોષિત ઠરાવવામાં નહિ આવે, ક્ષમા કરશો તો ક્ષમા પામશો આપશો તો પામશો.

અજ્ઞાત

* * *

જેણે માનમોહનો ત્યાગ કર્યો છે, જેણે આસક્તિથી થતાં દોષને દૂર કર્યા છે, જે આત્મામાં નિત્ય નિમગ્ન છે, જેના વિષયો શમી ગયા છે, જે સુખદુઃખરૂપી દ્વંદ્વોથી મુક્ત છે તે જ્ઞાની અવિનાશી પદને પામે છે. ત્યાં સૂર્યને, ચંદ્રને કે અગ્નિને પ્રકાશ આપવાપણું રહેતું નથી હોતું, જ્યાં જનારને ફરી જન્મવું નથી પડતું. એ પરમ ધામ છે.

ગીતા

* * *

વાણી વડે જ મિત્રને ઓળખી શકાય છે. વાણી એ પરબ્રહ્મ છે, એમ જાણીને જે માણુસ તેને પૂજે છે, તેને વાણી કદી તજી દેતી નથી: બધાં પ્રાણીઓ તેની પાસે ચાલ્યા આવે છે; તે દેવ બનીને દેવો પાસે જાય છે.

ઉપનિષદ

* * *

સૌથી પ્રથમ પોતાના આત્માને જ યોગ્ય પ્રવૃત્તિમાં મૂકી જોવો. પહેલવહેલાં પોતાની જાતને જ કોઇપણ પ્રવૃત્તિ લાગુ કરી તેમાં તાવી જોવી, ત્યાર પછી જ બીજાને એ વિશેનો બોધ આપવો.

ધમ્મપદ

* * *

ભાગ્યરૂપી સૂર્યોદય થતાં ઘણા મિત્ર થઈ જાય છે, છાયા લાંબી દેખાય છે; પરંતુ ભાગ્ય અસ્ત થતાં મિત્ર તો કયાં, પરંતુ છાયા પણ શરીરને છોડી જાય છે.

દોહારત્નાવલિ

# સુનંદાનું આત્મદર્શન?

લેખિકા : કલાવતી વોરા

વિદુષી સાધ્વીજી વ્યાખ્યાન આપી રહ્યાં હતાં. સુનંદા ઉમંગભેર સાંભળી રહી હતી. સાધ્વીજી બોલી રહ્યાં હતાં; બાહ્યાચાર ગમે તેટલો કરો એનાથી જો આત્મદર્શનનો ઉઘાડ ન થાય, સ્વ વિષેની જાગૃતિ ન આવે, જીવનશુદ્ધિમાં કોઇ પ્રગતિ ન થાય તો એ બાહ્યાચાર નકામો નિવડે છે. ક્રિયાકાંડ એ જીવનશુદ્ધિનું સાધન છે, જો ત્રીસ–ત્રીસ વર્ષથી સામયિક કરો, છતાં તમારા ક્રોધમાં કે ઇર્ષા દ્વેષ પરીગૃહવૃત્તિ વિગેરેમાં કશો યોગ્ય ફેરફાર ન થાય તો કહેવું જોઇએ કે આ સામયિક તમને અડી નથી."

'ખરી વાત છે' મનોમન સુનંદા બોલી. જીવનમાં ધર્મતત્ત્વ ઊતરે નહીં તો આખો દિવસ સામયિક પડિકમણાં કરવાથી શું વળે! એવી ક્રિયાનો શો અર્થ! હું તો એવી ક્રિયામાં માનતી જ નથી. તેને બાજુમાં રહેતાં ચંચળબહેન યાદ આવ્યાં. હા કેવા છે એ ચંચળબહેન. રોજની ત્રણ સામયિક તો કરે જ. વધારે પણ કરે. ને ગૌરવથી પોતાની આખા દિવસની ધર્મ ક્રિયા વર્ણવી બતાવે. પણ આમ તો કેવાં છે, ઝઘડાળુ, દીકરાની વહુથી છાનું છાનું બનાવી ને ખાઈ લે, કોઈની વસ્તુ હાથ આવી હોય તો પાછી આપી દેવામાં સમજે નહીં, એવો ધર્મ કરનારા કરતાં આપણે ન કરનારા વધુ સારાં.

વિચારો ચાલી રહ્યા હતા. સાધ્વીજીના શબ્દો આગળ વધી રહ્યા હતા, "ખરો ધર્મ આત્મદર્શન થાય ત્યારે જ ઓળખ્યો ગણાય એક બાજુ ઉપાશ્રયમાં આવવું ને બીજી બાજુ બસ ઘરમાં જોઇતું ન જોઇતું ભેગું કર્યા કરવું, આપણા જ સધર્મી ભાઇબહેનો ભૂખ્યા તરસ્યા શિક્ષણ વિનાના ટળવળતા હોય ત્યારે આપણે વિપુલ પરીગ્રહ કરતાં રહીએ તો ધર્મક્રિયા કરવા છતાં ધર્મ આચર્યો ન ગણાય.'

'ખરી વાત છે સાધ્વીજીની' ફરી સુનંદા વિચારી રહી. આ જો ને પેલા સમજુબેન જ્યારે જુઓ ત્યારે ઉપવાસ એકાસણાં કરતાં હોય, સેવા પૂજા વગર તો મોઢામાં પાણી પણ ન નાખે, પણ આમ જુઓ તો આખો દિવસ તેમનું મન આણે આ લીધું છે, બહુ સરસ લાગે છે, મારે એ જોઇએ, એમાં જ રહેલું હોય અને કેટકેટલું વસાવ્યા કરે. ને બાજુમાં જ એનો ભત્રીજો રહે. તે બિચારો બે ટંક ખાવાયે પુરું પામતો નથી. પણ છે એમને એનો કંઇ વિચાર ને પાછાં કહેવાય ધર્મિષ્ઠ આટલો મોહ રહે, મોહને કોઇ થોભ નહીં, એ વળી ધર્મિષ્ઠ શેના!

અને સાધ્વીજી બોલ્યા, 'સાધુ હોય પણ ત્યાગવૃત્તિ ન હોય તો એ માત્ર સાધુવેશમાં છે એમ કહેવાય, એનામાં સાચું સમ્યકત્વ કે સાધુપણું છે, એમ ન કહેવાય.

"હા ખરી જ વાત છે. આવા કેટલાં બધાં સાધુ સાધ્વીઓ છે જેમને ત્યાગ સાથે કંઈ લેવા દેવા જ નથી. જે સારું જુએ તેની ઇચ્છા રાખે. સંસારી કરતાં સારી ચીજ માંગીને મેળવે. લોકોને પીવા દૂધ મળતું નથી પણ સાધુના પાતરાં તો ભરેલાં જ........"

આખરે સાધ્વીજીએ કહ્યું અહીંથી આ પ્રવચન સાંભળી તમે જાવ છો પણ તમને જો આ કલાક સુધી સાંભળેલા શબ્દોદ્વારા આત્મદર્શન કરવાની કંઈ પ્રેરણા મળી હોય. પોતાના વિચારોની શુદ્ધિ, આચારોની શુદ્ધિ પ્રત્યે મન જાગૃત થયું હોય તો આ શબ્દો સાંભળ્યા યથાર્થ ગણાય. નહીં તો ઘણા બોલે છે ને ઘણા સાંભળે છે અને એ બોલેલું ને સાંભળેલું હવામાં વહી જાય છે.'

'તદ્દન સાચું', તદ્દન સાચું', સુનંદાન વિચારો આગળ ચાલ્યા. લોકો આખો વખત ધર્મક્રિયા કરે છે, વ્યાખ્યાનો સાંભળે છે. પણ ધર્મ એ શું ચીજ છે તે તપાસવાનો, પોતાનું મન કેવા કેવા વિચારો કરે છે તે તપાસવાનો વિચાર સરખો કરતા નથી. યાંત્રિક રીતે સૂત્રો બોલી જાય છે. પણ એ સૂત્રોના અર્થનો વિચાર કરતા નથી. આત્મદર્શન કરતાં ન શીખે ત્યાં સુધી આ ધર્મ કર્યાનો શો અર્થ!'

આખાયે વ્યાખ્યાન દરમિયાન સુનંદાએ આવું લોકોનું દર્શન કર્યું! પેલા આત્મદર્શન ન કરી શકનારને તો સાધુ સાધ્વીઓના આવા શબ્દો કયારેક પણ જગાડશે. પણ સુનંદાને એણે કરેલા આ આત્મદર્શનનું પૃથક્કરણ કોણ કરી આપશે.

જડ રીતે ક્રિયાકાંડને વળગી રહેનારા કરતાં ક્રિયાકાંડ ન કરીને પણ વિચારપૂર્વકનું શુદ્ધ જીવન જીવનારા વધારે સારા એમ આપણે કહીએ છીએ, માનીએ છીએ, એ સાચું, પરંતુ ક્રિયાકાંડ ન કરનાર જ પાછા વધારે ઊંચા હોય એવું જાતને મનાવીને સુનંદા જેવું પરનિંદામાં રત થયેલું આત્મદર્શન કરવા આપણે બેસી જઇએ છીએ ત્યારે પ્રશ્ન થાય છે કે તર્કમય વિચાર શકિત પણ જો આવું જ શીખવતી હોય તો એનો પણ શો અર્થ! પોતાના આચારમાં જરા પણ પરિવર્તન કર્યા વિના બીજાની સમાલોચના કરનારા આજે કેટલા બધા વધી ગયા છે? તેમને સૌમાં દોષ દેખાય, પોતામાં જ નહિ. આપણામાંથી કેટલા બધાં લોકો આ સુનંદાના વર્ગનાં હોય છે તોયે વિચારી લેવા જેવું છે. એ જ આત્મજાગૃતિ કે આત્મદર્શન જરૂરી છે.

## વિજયને આરે

આખી કપિલવસ્તુ નગરી આજ ઉપવનમાં ઉમટી હતી. આજ રથ સ્પર્ધા યોજાઇ હતી. યુવકો પોતાનાં અશ્વો અને રથો શણગારીને ઉપવન વચ્ચેના વિશાળ મેદાનમાં હાજર થઈ ગયા હતા. વસ્ત્રકુટિરોમાં પ્રેક્ષકોનો મહેરામણ ઉછળી રહ્યો હતો.

આ સ્પર્ધામાં ગૌતમપુત્ર રાહુલે પણ ભાગ લીધો હતો, એનો અશ્વ શ્રેષ્ઠ ગણતો. એના રથને ઉત્તમતાનું બિરૂદ મળ્યું હતું. તોય રાહુલ સ્પર્ધામાં હારી ગયો! નતમસ્તકે એ ઘેર પહોંચ્યો માતા યશોધરાએ પૂછ્યું: "કેમ રે રાહુલ! શું થયું? હાર્યો કે? 'તારા ઘોડા તો શ્રેષ્ઠ હતા. આશ્ચર્ય!"

રાહુલે નેણ નીચા ઢાળીને જવાબ આપ્યો. "મા! હું સહુથી આગળ થઇ ગયો હતો. પણ પેલો અમરિષ ધીમી ગતિએ ઘોડા દોડાવતો હતો. મેં એને વિષે ચેતવ્યો. ત્યાં મારા રથનો વેગ ધીમો પડયો ગોપાળ આગળ જતો હતો રહ્યો હું હાર્યો."

જીવનની વ્યાપક સ્પર્ધામાં પણ પોતાની ગતિ તરફ ધ્યાન ન રાખતાં બીજાની ગતિનો ને વિકાસનો વિચાર કરીને વણમાગ્યું, ડહાપણ દેખાડનારા કેટલા માણસો આમ વિજય આરે આવીને પરજિત થતા હશે! એ પરાજયનું મૂળ એમને કોણ બતાવે? કેટલા શકય વિજયોને બદલે આવાં પરજિત જીવન સરજાતાં હશે!

પ્રકાશ ગજ્જર

---

આજના પુરુષાર્થ કરતાં પૂર્વજન્મનો પુરુષાર્થ અધિક બળવાન ન હોઇ શકે! ગઇ કાલનું અજીર્ણ જેમ આજે કરેલા લાંઘણથી મટી જાય છે, તેમ પૂર્વજન્મનો દોષ આ જન્મના ગુણોથી શમી જાય છે, તેમાં સંદેહ નથી.

યોગવાસિષ્ઠ

## પ્રતિષ્ઠાનો મોહ

શ્રી કેદારનાથજી

પ્રત્યેક મોહ માણુસની ઉન્નતિમાં બાધક અને અવનતિમાં કારણુ થાય છે. તેમાંયે માન અને પ્રતિષ્ઠાના મોહની વિશેષતા એ છે કે, તેનાથી થતી અવનતિ જલદી તેના ધ્યાનમાં આવતી નથી; માટે તે બાબતમાં સાધકે વધારે સાવધ રહેવું જરૂરી છે. આ મોહમાંથી તમારે અલિપ્ત રહેવું હોય તો તમારે તમારા ધ્યેયનું સતત ભાન રાખવું જોઇએ તમે દેશકાર્યમાં, રાષ્ટ્રકાર્યમાં, સમાજસેવામાં હો તો તમારા સદ્‌ગુણોને લીધે, સેવાવૃત્તિને લીધે તમારું ગૌરવ કરવાની, તમારું માનસન્માન કરવાની લોકોને ઇચ્છા થાય એ સહજ છે. પરંતુ એવે પ્રસંગે તમારું ગૌરવ ન કરાવતાં, પોતે માન ન લેતાં તમારા સદાચરણુનું અનુકરણુ કરવાનો તમારે તેમને આગ્રહ કરવો અને તેમ કરવામાં તમારું ગૌરવ છે એમ તમારે તેમને સમજાવવું જોઇએ. લોકોના મનમાં તમારે વિષે ખરો આદર હોય તો તેઓ તમારું કહેવું સાંભળશે. તમારે વિષે તેમના મનમાં રહેલા સદ્‌ભાવનો તેમના કલ્યાણુ માટે ઉપયોગ કરવો એમાં ખરી સેવા છે. જો તમારા મનમાં લોકો વિષે ખરો પ્રેમ જાગ્રત હોય, તમે નિરહંકારી હો અને તમે પોતાની ઉન્નતિ વિષે સાવધ હોઈ તમારામાં કાર્યદક્ષતા હોય તો જ તમે આ સાધી શકશો. પણુ આ સદ્‌ગુણો તમારામાં નહીં હોય તો માનપ્રતિષ્ઠાના અને કીર્તિના મોહમાં તમે વધુ ને વધુ સપડાશોઃ વખત જતાં તે તમારું વ્યસન થઇ જશે. માનપ્રતિષ્ઠા સિવાય સત્કર્મ કરવાની તમારી બુદ્ધિ નાશ પામશે. જે પ્રમાણે વ્યસની માણુસને કેફી વસ્તુ મળ્યા વગર કાર્ય કરવાનો ઉત્સાહ આવતો નથી તેવી તમારી સ્થિતિ થશે. દરેક સારું કર્મ કરતી વખતે તમે તમારી પ્રશંસાની રાહ જોતા રહેવાના. તે ન મળે તો તમારા મનમાં ખેદ ઉત્પન્ન થશે. સત્કર્મ પરની તમારી શ્રદ્ધા નાશ પામશે અને માનવતાની તમારી ઉપાસના છૂટી જશે. કોઈ તમને માન ન આપે એટલે તે વાત તમને અપમાનની જેમ દુઃખકર થશે. તેના વિષે તમારા મનમાં ક્રોધ કે તિરસ્કાર ઉત્પન્ન થવાનોયે સંભવ છે. માનની ખોટી ટેવ તમને કેટલે સુધી અવનિત તરફ લઇ જશે તે નક્કી ન કહેવાય. આજ સારાં કામોમાં પડેલા અનેક માણુસો પૈકી ઘણા કાર્ય કરવાને અને તે દ્વારા પોતાની ઉન્નતિ કરવાને બદલે પોતાની માનપ્રતિષ્ઠા તરફ વધારે ધ્યાન આપે છે અને તે માટે પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રીતે યુક્તિઓ કરે છે, તેમ જ અસત્ય, દંભ, ધૂર્તપણું આચરે છે અને બહારથી કાર્યનિષ્ઠા અને નિરહંકારીપણું દાખવે છે. આ બાબતમાં સાવધ નહીં રહો તો તમે પણુ તેમના જેવા જ થશો.

માણુસ આ મોહમાં એકદમ ફસાઈ જતો નથી. માન આપનાર અને લેનાર બંનેને આ વાતમાં આનંદ થાય છે. તેને લીધે તે સ્વીકારતાં આપણે કંઇ ભૂલ કરીએ છીએ એવું પ્રથમ તો લાગતું નથી. ઊલટું તેને લીધે આપણે બીજાઓને આનંદ આપીએ છીએ એમ લાગે છે; પરંતુ આગળ જતાં એવાં કેટલાં અસત્ય, દંભ અને અન્યાયમાં આપણુને પડવું પડે છે એની કલ્પના કોઇને પણુ આવતી નથી. માનપ્રતિષ્ઠાની એક વાર ચટ લાગ્યા પછી અને તેનું વ્યસન પડી ગયા પછી માણુસની પહેલી સ્થિતિ રહેતી નથી. તે દિવસે દિવસે અવનતિ તરફ ધકેલાતો જાય છે. સાત્ત્વિકતાથી રહેનારા, ઉન્નતિ માટે પુષ્કળ સહન કર્યું હોય છે એવા ભક્ત કોટિના માણુસો પણુ લોકોએ આપેલી માનપ્રતિષ્ઠાને લીધે અને કીર્તિને લીધે પોતાને ઇશ્વર માનવા લાગે છે, એટલો મદ અને નશો આ મોહમાં છે કે તે થોડા જ દિવસમાં માણુસને પોતાની મનુષ્યતા ભુલાવી દે છે, 'હું જ આત્મા છું,' 'હું જ બ્રહ્મ છું,' 'હું જ ઇશ્વર છું,' એવું ગમે તેમ અસંબદ્ધ તેની પાસે બોલાવે છે. માણુસનો અહંકાર, તેનો

અવિવેક, તેની અસાવધતા અને માનવતા પરનો તેનો અવિશ્વાસ આ જ તેનાં કારણો છે. પોતા વિષેના લોકોના આદરને લીધે તેનો અહંકાર પોષાતો જાય છે, તેને ઉત્તેજન મળે છે. તે અહંકારમાંથી મદ, મદમાંથી નશો, નશામાંથી બુદ્ધિભ્રંશ અને તેને લીધે બધા અનર્થો થાય છે. આ મોહમાં રહેલો મદ અને નશો ઉગ્ર ન હોય તોયે તે આપણી મતિ અને વિવેકને બધિર કરી નાખે છે એમાં શંકા નથી.

આ મોહમાં માણુસ સપડાય એટલે પહેલી વાત એ બને છે કે તેની સત્ય પરની શ્રદ્ધા ઓછી થાય છે. પોતામાં હોય તે ગુણો સાથે, ન હોય તે ગુણો પણ પોતામાં છે એમ બતાવવાની મનોવૃત્તિ થાય છે. તે ગુણો વિષે લોકો પ્રશંસા કરે તો તેને સારું લાગે છે. ઇશ્વરનો ભક્ત કહેવડાવનારો પણ પોતામાં ન હોય એવી ચમત્કારની શકિત પોતામાં છે તેવો ભાસ કરાવે છે. અથવા તેવી શક્તિ છે એમ લોકો કહેવા લાગે એટલે તે તેને માન્ય કરે છે. તે આ મોહમાં ફસાઇ જાય છે. પોતામાં ન હોય એ ગુણો વિષે પોતાની પ્રશંસા સાંભળવાની ટેવ પડયા પછી બીજાઓના તે ગુણોની પ્રશંસા સાંભળતા જ તેને ઇર્ષ્યા અને મત્સર થવા માંડે છે. તેમના પર કેટલુંક દોષારોપણ કરવાનો તે પ્રયત્ન કરે છે. આ રીતે સત્ય છૂટી ગયા પછી એક પછી એક અનુચિત બાબત તેના તરફથી થવા લાગે છે. ખરું જોતાં ધનવાન ઉદાર કે પરોપકારી હોય છે એવું નથી, એટલું જ નહિ પણ તેના દાનમાં દયાવૃત્તિ હોય છે તેવું પણ નથી. તે જ પ્રમાણે રાષ્ટ્રકાર્ય કરનારાઓમાં વ્યાપક રાષ્ટ્રભાવના હોય છે જ એવું નથી. તીર્થયાત્રા કે ભજન પૂજન કરનારામાં ઈશ્વરી પ્રેમ, માનવપ્રેમ, અને ભૂતદયા હોય છે જ એમ નથી. આ પરથી આપણે સમજવું જોઇએ કે, ગીતા પર વ્યાખ્યાન આપવું અને આધ્યાત્મિક જ્ઞાન હોવું એમાં ફેર છે. અવિવાહિત સ્થિતિ અને બ્રહ્મચર્ય અવસ્થા એમાં ફેર છે. હિમાલય અને એકાંતવાસનો જ્ઞાન સાથે સંબંધ છે જ એવું નથી. બળસંપન્ન હોવું અને પવિત્રતા સાધવી એમાં ઘણો ફરક છે. સાધુતા અને તે માટે અલગ વેષ-એનો કશો સંબંધ નથી. આમ હોવા છતાં આ બાબતમાં શ્રદ્ધાળુપણાથી લોકો ફસાઇ જાય છે અને જાણીબૂજીને તેમને ફસાવવામાં પણ આવે છે, જે સત્યનો ઉપાસક છે તે ગુણો વિષે નિરહંકાર રહે છે અને પોતામાં ન હોય તે ગુણોનો કદી ભાસ કરાવતો નથી. તેને પ્રતિષ્ઠા કરતાં સત્ય અને માનવતા અનેકગણી શ્રેષ્ઠ લાગે છે.

તમે બાહ્ય વેષથી કે ઉન્નતિને જરૂરી ન હોય એવા એકાદ વ્રત કે નિયમથી પોતાની વિશેષતા દાખવવાનો પ્રયત્ન ન કરશો. તમારામાં સાદાઇ અને વ્યવસ્થિતતા હોવી જોઇએ. આરોગ્ય અને સ્વચ્છતાને તમે મહત્ત્વ આપો. સદ્‌ગુણ અને સદાચારને લીધે જે સ્વાભાવિક વિશેષતા તમારામાં જણાય તેના કરતાં બીજી કોઇપણ વિશેષતાનું તમારા કલ્યાણની દૃષ્ટિથી તમારા મનમાં મહત્ત્વ ન હોવું જોઇએ. વિશેષતાથી માણુસમાં જુદાપણું દેખાય છે. જુદાપણાને લીધે લોકોમાં તેને વિષે કોઇ ભાવ નિર્માણ થાય છે. તેટલા માટે કોઈ પોતાની વિશેષતા બાહ્ય વેષથી, કોઇ ભાષણ કરીને અને કોઇ કંઇ સંકેતથી બતાવે છે. કદાચ તેમાં તેમનો પહેલો હેતુ નિરહંકારનો અને સાવધતાનો હોય, છતાં આગળ જતાં ધીરે ધીરે દંભ અને અહંકારની વૃદ્ધિ થાય છે. એકંદરે ઉન્નતિની દૃષ્ટિએ એવી વિશિષ્ટતાનો કશો ઉપયોગ નથી, ઉલટૂ માનપ્રતિષ્ઠામાં તેનો ઉપયોગ થાય છે.

કદાચ તમારા પૈકી કોઇ આગળ જતાં કાળાંતરે શ્રેષ્ઠ થાય અને તેનો રૌપ્ય ને સુવર્ણ મહોત્સવ ઊજવવાનોયે પ્રસંગ આવે. તે વેળાએ તેને સાવધપણે ટાળવામાં જ તેનું અને બીજાઓનું પણ કલ્યાણ છે. નહીં તો તે નિમિત્તે તેનો માનપ્રતિષ્ઠાનો મોહ જાગ્રત થશે. લોકેચ્છાને માન આપવાના બહાના નીચે અને નિરહંકારના ભ્રમ

પર તે માટે તે તૈયાર થશે અને છેવટે તેમાં સપડાશે ત્યારે તેને કોઇ જાગ્રત કરવા લાગે તો તે તેને શત્રુ જેવો લાગશે. તેને પોતાની ઈર્ષ્યા અને મત્સર થાય છે વગેરે વગેરે કહેવામાં તે પાછો પડશે નહીં; કારણ કે અહંકાર જાગ્રત થયા પછી વિવેક રહેવો કઠણ છે, આપણે જો સદાચરણી હોઇએ, તે પર આપણી નિષ્ઠા હોય, માનવજાતિનું તેમાં કલ્યાણ છે એવી આપણી ખાતરી હોય, તો આપણે માનપ્રતિષ્ઠાના મોહમાં કદી પડીશું નહીં. સદાચરણને લીધે આપણામાં જે બળ નિર્માણ થતું હશે, જે શુદ્ધિ વધતી જશે તેનો ઉપયોગ બીજા કોઇ પણ કામમાં ન કરતાં સદાચારનું બળ અને શુદ્ધિ વધારવામાં આપણે કરતા રહીશું. માનવતા પર વિશ્વાસ અને સાવધાનતાને લીધે આપણે આ જ આચરતા રહીશું અહંકારમાં માનવતાનું ગૌરવ ન હોઈ તેની વિડંબના છે. ધન, વિદ્યા, બળ, યૌવન, સૌંદર્ય, કળા, સત્તા, એટલું જ નહીં પણ ઇશ્વરભક્તિને જ્ઞાનને નિમિત્તે પણ જીવમાં રહેલો અહંકાર જાગ્રત થઇને વધતો હોય છે. લોકાદરથી તે પોષાતો જાય છે. પણ આપણે એ બધું ઓળખીને સ્પષ્ટપણે સમજવું જોઇએ કે લોકોની હોંશ ખાતર આપણે ભૂલભરેલા માર્ગ લોકરંજનમાં ન પડવું જોઇએ. લોકો આજ આપણને ઇશ્વર બનાવશે. અને તેમાંથી આનંદ મેળવશે તો કાલે આપણું પતન થતાં નિંદા કરીને તેમાંથી પણ આનંદ મેળવશે અને સમજો કે તેઓ આપણી નિંદા ન કરે અને છેવટ સુધી તે આપણા પ્રશંસક અને પૂજક રહે તો તેને લીધે તેમનુ કે આપણું કયું કલ્યાણ સધાશે ? એકબીજામાં ન હોય એવા ગુણોની પ્રશંસા કરતા રહી કે દોષ સહન કરતા રહી બધાને દંભી બનાવવામાં કોનું કલ્યાણ સાધવાનું છે ? આ બધી બાબતોનો વિચાર કરીને તમારે અહંકારથી દૂર રહેવું જોઇએ. ચિત્ત હંમેશ શુદ્ધ રાખીને પોતાની માનવતા વધારવા માટે સદ્‌ગુણોનો આગ્રહ રાખવો એ જ પોતાના જીવનનું કાર્ય છે એમ તમારે સમજવું જોઇએ. જીવનનું ખરું મહત્વ તમને સમજાયા પછી અને જીવનનો શુદ્ધ આદર્શ તમારે ગળે ઊતર્યા પછી તમે કોઈ પણ મોહમાં પડશો નહીં. પરમાત્મા પર તમારી નિષ્ઠા હશે તો તે તમને બધા મોહમાં, વિઘ્નમાં અને સંકટમાં સાવધ રાખશે અને તમને માનવતાની સીમા પર્યંત લઇ જઈ પહોંચાડશે એમાં મને શંકા લાગતી નથી.

---

## સમાચાર સાર

સર્વોદય નેતા શ્રી જયપ્રકાશ નારાયણ પૂ. શ્રી ના દર્શનાર્થે ૨૭-૧-૬૭ ના રોજ કોટના ઉપાશ્રયે આવ્યા બાદ થયેલ વાતચીત મુજબ, બીજી સવારે તેઓ પ્રવચન સમયે ફરીથી આવ્યા અને તે સમયે પૂ. શ્રીએ બિહારનાં માનવ રાહતના ઉમદા કાર્યમાં તન-મન અને ધનથી સહકાર આપવા શ્રોતાઓને ઉદ્‌ઘોષણા કરી! એ પ્રસંગે તરત જ કામાણી ગ્રુપની કંપની તથા તેમના એજન્ટો તરફથી રૂા. ૫૦,૦૦૦નું દાન શ્રી પ્રભાકર મહેતાએ જાહેર કર્યું. એ ઉપરાંત શ્રી જયપ્રકાશજીએ પણ દુષ્કાળની દુઃખદ પરિસ્થિતિનો ખ્યાલ આપ્યો. 'દિવ્ય જ્ઞાન સંઘ તરફથી એક એક કેન્દ્રમાં રોજના ત્રણસો ત્રણસો સ્ત્રીઓ અને બાળકો માટે ચાલતાં એવા પાંચ રસોડાઓનો રોજનો ૧૫૦૦ જણાને જમાડવાનો ખર્ચ છ મહિના અગર જરૂર પડે ત્યાં સુધી ભોગવવામાં આવશે. એમ શ્રી જયપ્રકાશજીને જણાવવામાં આવ્યું. એ માટે સદ્‌વિચાર સમિતિના કાર્યકરો એમની દેખભાળ નીચે આ કાર્ય કરશે. પૂ. શ્રી એ આપેલ પ્રેરણાથી શ્રી જયપ્રકાશજી ઘણાજ આનંદિત વાતાવરણ વચ્ચે વિદાય થયા.

હવે પૂ મુ. શ્રી ચિત્રભાનુ મ. શ્રી એ મુંબઇનાં પરા તરફ વિહાર શરૂ કર્યો છે.

## શ્રી શાંતિનાથજીના કોટનાં ઉપાશ્રયે ઉજવાયેલો અપૂર્વ દીક્ષા મહોત્સવ

પરમ પૂજ્ય આગમોદ્ધારક બહુશ્રુતધર સ્વ. આચાર્યદેવ શ્રી સાગરાનંદ સૂરીશ્વરજી મ. શ્રી શિષ્યરત્ન પૂ. આચાર્યશ્રી હેમસાગર સૂરીશ્વરજી પૂ. મુનિશ્રી મનોજ્ઞસાગરજી તથા તત્ત્વચિંતક પૂજ્ય મુનિવર્યશ્રી ચંદ્રપ્રસાગરજી (ચિત્રભાનુ) મહારાજશ્રી તથા પૂ. મુ. શ્રી બળભદ્ર સાગરજી આદિ ઠાણુની પવિત્ર નિશ્રામાં, કોટના ઉપાશ્રયના વિશાળ ખંડમાં, સં. ૨૦૨૩ ના પોષ વદી ૯ ને મંગળવાર તા. ૩૧–૧–૧૯૬૭ નાં રોજ પ્રભાતમાં માંગરોળ નિવાસી શ્રી જગમોહનદાસ પ્રાણુલાલે પૂ. આ. શ્રી. હેમસાગર સૂરિજીનાં વરદ હસ્તે પરમ પૂનિત ભાગવતી દીક્ષા અંગીકાર કરી અને તેઓશ્રીના શિષ્ય તરીકે મુનિશ્રી "જયભદ્રસાગર" નામ આપવામાં આવ્યું.

આ મહોત્સવ વિશાળ માનવમેદની સમક્ષ ઘણા જ ઉલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો. એ નિમિત્તે સ્વ. પૂ. આચાર્ય મ. શ્રી ભક્તિ સૂરીશ્વરજીના સમુદાયના પૂ. પં. શ્રી સુબોધ વિજયજી ગણિ આદિ ઠાણા ૩ ગોડીજી ઉપાશ્રયથી પધાર્યા હતા. આ શુભ અવસર કોટનાં તથા માંગરોળ જૈન સંઘની તરફથી યોજવામાં આવ્યો હતો. એ પ્રસંગે શેર બજારના જાણીતા બ્રોકર અને માંગરોળ સંઘના અગ્રગણ્ય નાયક તથા કોટ સંઘના ટ્રસ્ટી માનનીય શ્રી નવીનચંદ્ર છગનલાલ કંપાણીએ એક અત્યંત મનનીય પ્રવચન કરતાં કહ્યું હતું કે સાચું સુખ તો આંતરિક છે, ભૌતિક સાધનોનાં ત્યાગમાં જ સુખનો ઉદય છે. સાચું સુખ ભાઇશ્રી જગમોહનભાઇએ જે માર્ગે જવાનું વિચાર્યું છે તેમાં જ સમાયેલું છે, ભાગવતી દીક્ષા, એટલે જ મુક્તિનો રાજમાર્ગ અને એ માર્ગ પર તેઓ ચાલ્યા! જન્મ મરણની જંજાળ તોડવા માટે અને મોક્ષપદ મેળવવા માટે, પ્રભુ મહાવીરે દર્શાવેલા પ્રવ્રજ્યાનાં માર્ગે અનેક મહાપુરુષો વિચર્યા છે અને આપણે બધાને પણ એક દિવસે એ માર્ગે જરૂર જવું જ પડશે. ભાગવતી દીક્ષા કાંઇ બધાનાં નસીબમાં નથી હોતી પરંતુ પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હોય ત્યારે જ દીક્ષાનાં ભાવ થાય છે. ભાઇશ્રી જગમોહનભાઇને પૂર્વનાં પુણ્યોદયથી દીક્ષાના ભાવો જાગ્યા અને જગતનો મોહ છોડી દઇને મુક્તિપદના રાજમાર્ગે ચાલ્યા છે તે માટે તેઓશ્રીને મારાં અનેકાનેક અભિનંદન છે."

### અગત્યની જાહેરાત

આ વર્ષનાં એપ્રીલના અંકથી 'દિવ્ય દીપ' પ્રકાશનનું ત્રીજું વર્ષ પૂરું થઇને મે–૧૯૬૭ થી ચોથું નવું વર્ષ શરૂ થશે. તેનાં લવાજમનાં (દેશમાં) રૂા. ૩–૦૦ અને (પરદેશમાં) રૂા. ૬–૦૦ સ્વીકારવાના શરૂ કર્યા છે. હવેથી લવાજમ માટે આ સૂચના સિવાય વી. પી. નહીં આવે, તેથી આપ જ યાદ રાખી અનુકુળ રીતે લવાજમ મોકલાવી આપશો. જેથી 'દિવ્ય દીપ દ્વારા નિઃસ્વાર્થ ભાવે અને નિસ્પૃહભાવે અમે યતકિંચિત સેવા આપની કરીએ છીએ તે ચાલુ રહી શકે. અત્યાર સુધી અમારી આ પુનિત પ્રવૃત્તિમાં જે જે ભાઇઓ અને બ્હેનોએ હજારોની સંખ્યામાં ગ્રાહક બનીને અને અનેક બીજાઓને બનાવીને સહયોગ આપ્યો છે તેઓ સૌ અભિનંદન અને આભારના અધિકારી છે. અમે આશા રાખીએ છીએ કે આ પુનિત પ્રવૃત્તિમાં આ વર્ષે પણ અગાઉની માફક આપનો સહયોગ આપી આભારી કરશો.

જેઓને અત્યાર સુધીના અંકોમાંથી છૂટક છૂટક અંકો જોઇતા હોય તેમને, સ્ટોકમાં હશે તે અંકો, પોસ્ટેજ ખર્ચ સાથે માત્ર ૨૫ પૈસામાં મળશે.

ઉપરાંત બીજા વર્ષનાં ૨૪ અંકોની પાકી બાંધણીની ફાઇલો થોડીક જ રહી છે જે મુંબઇમાં રૂા. ૫) માં તથા બહાર ગામમાં વી. પી. ખર્ચ સાથે રૂા. ૬) માં મળી શકશે.

લી. ચંદુલાલ ટી. શાહ
વ્યવસ્થાપક તથા સંપાદક

દેહ એ ચેતનાનો શણગાર છે, તેમ સુંદર વસ્ત્રો એ શરીરનો શણગાર છે.
સૌન્દર્ય અને કલાના ઉપાસકોને.

છેડા એરકન્ડીશન્ડ સાડી સેન્ટરની મુલાકાત લેવા સપ્રેમ નિમંત્રણ છે.

A MAN OF WORDS AND NOT OF DEEDS
IS LIKE A GARDEN FULL OF WEEDS.

## —: જેન્ટસ માટે :—

જયકેબ્સના ટેરેલીન, ટેરીકોટન, તથા અન્ય પ્રખ્યાત મિલોના ટેરીવુલ, ડ્રેલોન અને
અનેક જાતના ઉંચા તથા કલાત્મક કાપડની ખરીદી માટે પધારો.

| | | | |
|---|---|---|---|
| શાન્તિનિકેતન | બનારસી | ડ્રોલોન | ગઢવાલ |
| કાશ્મીર પ્રીન્ટ | કોઈમ્બતુર | ટેરીલીન | મેસી |
| કલકત્તા | ચંદેરી | ડેક્રોન | ચીકન |
| બેંગ્લોર | લખનઉ | વોશ એન્ડ વેર | રૂબિયા |
| કાંજીવરમ | હેન્ડલુમ | નાઇલોન જ્યોર્જેટ | પુલવોયલ |

# છેડા બ્રધર્સ

ઉત્તમ કાપડની ખરીદી માટે પ્રથમ પસંદગીનું સ્થળ :

વિભાગ
છેડા પ્રોવિઝન સ્ટોર
ઈરોઝ બીલ્ડીંગ
ચર્ચગેટ મુંબઈ ૧.
ટે. ૨૪૫૨૭૧

ઇરોઝ સીનેમા બીલ્ડીંગ
ચર્ચગેટ મુંબઇ ૧
ટે. ૨૪૫૯૪૦.

## મંથન

લેખક: મોરિસ મેટરલિંક

જેઓ ગંભીરપણે પોતાના ભાવિની મને વાત કરે છે તેઓ મને હસાવે છે...શું તેમનું ભાવિ કબરમાં નથી?

*

આપણે એમ કલ્પના કરીએ કે કોઇ છૂપું રેકોર્ડર તમારા દિવસના છૂપામાં છૂપા વિચારોને નોંધે છે અને જ્યારે રાત પડે ત્યારે એક મોટો ધ્વનિવર્ધકયંત્ર પર કોઇ જાહેર જગાએ તેમને પ્રસારિત કરે છે; તો તમે શરમિંદા બનશો કે તમે સંતુષ્ટ બનશો?

એ જ તમારા પવિત્ર અંતઃકરણની પરીક્ષાની સારામાં સારી અને સૌથી વધુ વ્યવહારુ રીત હોય.

*

જ્યારે આપણે આપણા ઘડિયાળને ચાવી આપીએ છીએ ત્યારે શું આપણે કાળને ઉત્પન્ન કરીએ છીએ કે પછી મરણની ઘડીને ખોરાક જ આપીએ છીએ?

*

જે દિવસે આપણે પ્રભુ શું છે તે જાણીશું તે દિવસે આપણે પ્રભુરૂપ બનીશું.

*

આપણે જીવનની નવેસરથી શરૂઆત કરવાની કદી હોતી નથી, કેમકે એ કદી પણ પૂરું થયેલું હોતું નથી.

*

શું નવજાત શિશુઓએ પણ આપણને છોડી જનારાં મરેલાંની જેમ જ આપણને ભયમાં નિમગ્ન ન બનાવી દેવાં જોઇએ? આપણે મરેલાંથી શા માટે ડરીએ છીએ? કેમકે આપણે પણ એક દિવસ તેમની જેમ જ મરી જવાના છીએ એટલે અને તેઓ ક્યાં જાય છે, ક્યાં છે તે આપણે જાણતાં નથી એટલે; તેમની દશા વિષે ધર્મો આપણને માહિતી આપે છે તે છતાં આપણે ડરીએ છીએ, કેમકે એ માહિતી આપણામાં જરા જેટલો પણ વિશ્વાસ ઊભો કરતી નથી.

*

શું આપણે કોઇક દિવસ આપણી સ્મૃતિઓને ફરીથી જીવંત અને દેહધારી બનાવવા સફળ બનીશું ખરાં?

*

મારા જન્મ પહેલાં હું હતો. મારા મૃત્યુ પછી હું હોઇશ, તો પછી તફાવત શો?

શું એમ કહેવું વ્યાજબી છે કે મારા જન્મ અને મારા મૃત્યુની વચ્ચેની જ એક માત્ર ક્ષણ એવી છે કે જ્યારે હું 'છું'?

અસ્તિત્વમાં આવતાં પહેલાં હું હતો. અસ્તિત્વ પૂરું થઇ ગયા પછી પણ હું છું, અથવા તો અસ્તિત્વમાં હોવાની મેં શરૂઆત પણ કરી નથી અને અસ્તિત્વમાં હોવામાંથી હું વિરમ્યો પણ નથી.

## મૃત્યુ શું છે?

મૃત્યુ એ અનિષ્ટ નથી કારણ કે એ મનુષ્યને બધાં જ અનિષ્ટોમાંથી મુક્તિ અપાવે છે. જો એ આનંદ લઇ લે છે તો એ સાથે વાસના પણ લઇ લે છે. બીજી તરફથી વૃદ્ધાવસ્થા એ સૌથી મોટું અનિષ્ટ છે. એ માણસને પ્રત્યેક આનંદથી વંચિત રાખે છે જ્યારે બધી જ પ્રકારની ભૂખ, વાસના જગાડતો રહે છે, અને એમાંથી બધાંજ દુઃખ રચાય છે.

આમ છતાં માણસને મૃત્યુનો ભય લાગે છે અને વૃદ્ધાવસ્થાની ઇચ્છા કરે છે.

## જીવન શું છે?

એક બીમાર પંગુ વાંસા પર ભારે બોજો લઇ સીધા ચઢાણોવાળા ડુંગરો ચડે છે, એ દુર્ગમ રસ્તાઓમાંથી, હિમમાંથી, થીજી જવાય એવી ઠંડીમાંથી, વરસાદ, હવા કે દઝાડતાં સૂર્યકિરણો વચ્ચેથી દિવસોના દિવસ સુધી, આરામ લીધા વિના પ્રવાસ કરે છે અને આખરે જ્યાંથી અનિવાર્યપણે એણે પડવાનું છે એવી ખીણ કે ખાઇ સુધી પહોંચે છે.

—લિઓપાર્ડી

મુદ્રક, પ્રકાશક અને સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, મહેશચંદ્ર પ્રિન્ટર્સ મુંબઇ નં. ૨ માં છપાવી, ડીવાઇન નૉલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે લેંટીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, મુંબઇ નં. ૧ માંથી પ્રગટ કર્યું છે.